No Pages to Display

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૩ જું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ઊભું હતું, ઊભું હતું

: લેખક :
ગિજુભાઈ

અમદાવાદ
૧૪૧

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨, ૦ અમદાવાદ-૧

મે ૧૯૬૫

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* * *

બાલસાહિત્યમાળાનાં

૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત પચાસ પૈસા

(આખા સેટનાં રૂ. ૪૦=૦૦)

કુલ નકલ ૧૬,૨૬૦

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૬૬૬૦

બીજી આવૃત્તિ
૭ મુદ્રણો
૮૪૫૦ નકલો

સાતમું મુદ્રણ
૧૧૫૦ નકલો
તા. ૪-૫-૬૧માં

# ઊભું હતું, ઊભું હતું:

વરત પહેલું

ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું;
લાંબા કાને ઊભું હતું;
ધોળે વાને ઊભું હતું,
સ્થિર અને ઊભું હતું,
યોગી જેમ ઊભું હતું;
ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું.

: ગધેડું :

### વરત બીજું

ઊઠી રોજ પગે લાગી,
કામ કાજે લાગીએ;
ખડ ખાઈ પાણી પીને,
દૂધ દીએ દાડી દાડી;
આપણી એ વાલી માડી,
જતનથી પાળીએ.
ઊઠી રોજ પગે લાગી,
કામ કાજે લાગીએ.

: ગાયમાતા :

## વરત ત્રીજું

શિંગ ડોળા ડરકાવે,
હાથી જેમ હાલી આવે;
ખાડામાં પડે છે ત્યારે,
ગારે સુખ માને છે;
સૂરખની નાત સહી;
નામ એનું આવે છે.
શિંગ ડોળા ડરકાવે,
હાથી જેમ હાલી આવે.

:ભેંશ:

ગારો=કાદવ

વરત ચોથું

દિન બધો ઊંઘ્યા કરે
રાતના શિકારે ફરે,
ધીમે પગે ચાલી ચાલી
ઝડપથી ઝાલે છે;
વાઘ તણી આશીબા છે,
આસાનો એ કાળ છે,
દિન બધો ઊંઘ્યા કરે
રાતના શિકારે ફરે.

: બિલ્લીબાઈ :

## વરત પાંચમું

સીની માશી મળે ત્યારે
સખણા એ રહેવાના;
રાત પડયે રંજાડોથી
ઊંઘવા ન દે લગાર;
જે આવ્યું તે ખાઈ જાય
ઢાંકનારો કોઈ જાય;
સીની માશી મળે ત્યારે
સખણા એ રહેવાના.

: ઉંદર :

કાવું=કંટાળવું, ત્રાસી જવું

## વરત છઠ્ઠું

કાળા કાળા વાનવાળી,
મીઠા કંઠે ગાનવાળી
લીમડા ને આંબા પરે
તાજાતાજા મોરઆવ્યા,
તેની સાથે લેતી આવી,
વધામણી વસંતની.
કૂજે બેઠી આંબાડાળે
કોણ એનું નામ છે?

: કોયલ :

## વરત સાતમું

કાકા કાકા કાકા કરી
કાગા બધા ભેળા કરે,
ડો'ળો બેઠો પટલાઈ,
સુધારાના ખાતાની.
ચારે કોર જોતો જાય
ચતુરાઈ દાખવી;
કાકા કાકા કાકા કરી,
કાગા બધા ભેળા કરે.

: કાગડો :

## વરત આઠમું

ભૂરી પાંખે, ભૂરી ડોકે,
લાલ પગે, મોતી આંખે,
ભોળા અને ફરતાં'તાં;
આળો તમે ઘેર ઘેર;
ચતુરાઈ હોય કદી,
ઘૂઘવાટે ઓળખજો.
ભૂરી પાંખે, ભૂરી ડોકે,
લાલ પગે, મોતી આંખે.

: કબૂતર :

વરત નવમું

પીળી ચાંચ પીળા પગ,
પાંખો નીચી ધોળો રંગ,
ફલબલ ફરી ફરી,
ઊડાઊડ કરે છે;
પોપટ મૂકીને કોણ
એવીને તે પાળતું'તું?
પીળી ચાંચ, પીળા પગ,
પાંખો નીચે ધોળો રંગ.

: કાબર :

વરત સાતમું

કલગી ને પીંછાંઓની
શોભા બહુ ભારી છે;
લાંબી ભૂરી ડોકે સોહે,
કલા કરી નાચે; વળી
'મેઆઓ' કરીને સાદ
મેઘને બોલાવે છે.
કલગી ને પીંછાંઓની
શોભા બહુ ભારી છે.

: મોર :

## વરત અગિયારમું

ઊડ ઊડ ઊડ ફરે,
પાંખો રંગભરી દીસે;
ઘડીકમાં અહીં બેસે,
ઘડીકમાં તહીં બેસે;
ફૂલે ફૂલે મધ ચૂસે,
આનંદમાં મસ્ત દીસે;
ઊડ ઊડ ઊડ ફરે,
પાંખો રંગભરી દીસે.

: પતંગિયું :

વરસ બારમું

ચક ચક ચક ચક,
ચણવાને નીસરે છે.
આમ કરી તેમ કરી,
ચાંચે દાણા ભરી લઈ,
ઊડી માળે જઈ ઠરી,
ચાંચે ચાંચે ચણ આપે.
ચક ચક ચક ચક,
ચણવાને નીસરે છે.

: ચકલી :

વરત તેરમું

'તેજી કુઈ તેજો કુચ્ચો,
પાણી પીતાં ડૂબી મૂચ્ચો.'
ઘર તણા મોભે બેસી,
ઠીકડાક ચાંચ રાખી,
દિવસના ચારે પો'ર
તડકામાં ઘૂઘવે છે.
'તેજી કુઈ તેજો કુચ્ચો,
પાણી પીતાં ડૂબી મૂચ્ચો.'

: હોલો :

વરત ચૌદમું

મુખે બોલે રામ નામ,
અરથનું નહિ કામ;
નમણું છે રાતું છે નાક,
લીલે રંગે કાળો કાંઠ;
પંખીઓમાં ઊંચી જાત,
કારભારીની છે નાત.
મુખે બોલે રામ નામ,
અરથનું નહિ કામ.

: પોપટ :

વરત પંદરમું

ચોર સાથે રાત પડે
બહાર આવી બેસે છે;
કોઈ કહે નામ એનું
ન લેવાય રાત પડે,
કોઈ એને ભૈરવના
નામથી બોલાવે છે.
ચોર સાથે રાત પડે
બહાર આવી બેસે છે.

: ચીબરી :

વરત સોળમું

ટચકાવે ટચ દઈ,
ચીસને નખાવે છે;
આંકડો વળેલો રાખે,
ભાળે બધું આઠે આંખે,
પીળો રંગ, વેગવાન,
સાચવજો ભગવાન.
ટચકાવે ટચ દઈ,
ચીસને નખાવે છે.

: વીંછી :

વરત સત્તરમું

ફાટચાં તૂટચાં કપડાં ને
મેલા ઘેલા વેશવાળી;
કાખે ભારી દાતણની,
માથે કાળો પાટિયો છે;
પાટિયામાં ધાન ભર્યું,
કેડે નાનું બાળ ધર્યું.
ફાટચાં તૂટચાં કપડાં ને
મેલા ઘેલા વેશવાળી.

: વાઘરણ :

વરત અઢારમું

ગામ બહાર નીકળીને
આમ તેમ જોતી હતી;
વારે વારે લેતી હતી,
હાથ ધૂળે ધોતી હતી;
બે હાથે ચડાવતી'તી,
ધણ વાંસે ફરતી'તી;
ગામ બહાર નીકળીને
આમ તેમ જોતી હતી.

: છાણુવાળી :

ધણુ=ઢોરનું ટોળું

વરસ ઓગણીશમું

ઊભો હતો ઊભો હતો,
વડછાંયે ઊભો હતો;
કાંધે કાળો કામળો ને
હાથે લાંબી ડાંગ હતી;
ઘેટાં અને બકરાંની
મોજણીને કરતો'તો.
ઊભો હતો ઊભો હતો,
વડછાંયે ઊભો હતો.

: ભરવાડ :

મોજણી = ગણતરી

વરત વીસમું

લીમડાની છાયા નીચે
બેઠો બેઠો ઘડતો'તો;
હાથ ગારે ગારે હતા;
ગોળ સામે ફરતું'તું,
પાસે પાણી કૂંડું હતું,
માટીપિંડા પડ્યા હતા.
લીમડાની છાયા નીચે
બેઠો બેઠો ઘડતો'તો.

: કુંભાર :

## વરત એકવીશમું

સીણ દોરા પાતો પાતો
આર અને રાંપી લઈ,
વા'ણે ઊઠી બેઠો હતો:
ચામડાના કટકાથી,
મોજડીને કરતો'તો.
સીણ દોરા પાતો પાતો
આર અને રાંપી લઈ,
વા'ણે ઊઠી બેઠો હતો.

: મોચી :

વરત બાવીશમું

વાંકો વળી બેઠો હતો
હાથ એનો હલતો'તો.
કાતર ને ગજ લઈ,
સોયદોરા ભેળા કરી,
ચોળી ને પેરણ સીવી
ઘરાકને દેતો હતો.
વાંકો વળી બેઠો હતો,
હાથ એનો હલતો'તો.

: દરજી :

વરત ત્રેવીશમું

વાંસલાને વાંસે ધારી
કરવત હાથ કરી
લાકડાનો પાકો અરિ
વાંકો વળી વેરે છે:
કોણ એ કઠણ જાત,
કઈ એની હશે નાત,
કોણ એનાં માત તાત?
રખે શું એ છોડીફાડ?

: સુતાર :

અરિ = શત્રુ

## વરત ચોવીશમું

કાળા એના હાથ હતા,
મેલો એનો વેશ હતો,
હાથમાં હથોડો હતો,
લાલ લોઢું ટીપતો'તો;
પાસે ભઠ્ઠી ધખતી'તી
ધમણ ધમાતી હતી.
કાળા એના હાથ હતા,
મેલો એનો વેશ હતો.

: લુહાર :

વરત પચીસમું

ગુજરીમાં દીઠો હતો;
ઘરાકની સામે બેસી,
કાચ તેની પાસ ધરી;
સાબુ પીંછી પર ભરી,
દાઢીને લગાડી કરી,
લટપટ લટપટ,
કામ એનું કરતો'તો.
ગુજરીમાં દીઠો હતો.

:હજામ:

વરત છવ્વીસમું

અધખોલું અંગ હતું,
મોટી એની ફાંદ હતી;
પીળાપીળા વણતો'તો,
તાવડામાં તળતો'તો;
તાજવામાં તોળી તોળી
ઘરાકને દેતો હતો.
અધખોલું અંગ હતું,
મોટી એની ફાંદ હતી.

: કંદોઈ :

## વરત સત્ત્યાવીશમું

બેઠી હતી બેઠી હતી,
સાદ પાડી બેઠી હતી;
બોઘરી ને મૂળા સાથે
ગાજર ને ડુંગળીથી,
ટોપલી ભરેલી હતી.
પાશેર ને શેર લઈ
ત્રાજુડીમાં તોળતી'તી;
સાદ પાડી બેઠી હતી.

: શાકવાળી :

વરત અઠ્ઠયાવીશમું

આંગણામાં આવી ઊભી
ટૌકો કરી ગાજી રહી;
હાથે લઈ સાવરણો,
સાથે ધરી સૂંડલાને;
દાતણ ધરંતી મુખે,
કેડે બેટ વાળી હતી.
આંગણામાં આવી ઊભી
ટૌકો કરી ગાજી રહી.

: ભંગડી :

## વરત ઓગણત્રીશમું

કોથળીમાં છાપાં નાખી,
હાથમાં કાગળ રાખી,
ઘેર ઘેર જઈ જઈ,
નામ વાંચી દીએ છે.
રોજ એ આવે છે ભાઈ,
નવી વાતો લાવે કાંઈ;
કોથળીમાં છાપાં નાખી,
હાથમાં કાગળ રાખી.

: ટપાલી :

વરત ત્રીશમું

કાને ખોસી કલમને
કાગળિયાં ધરી રાખી,
શેઠ સામે ધીર ધારી
બિલાડાં તણાયે છે;
હાશ કરી હેઠા બેસી;
પગ પર પગ ધરી;
ચશ્માને ઠીક કરી
છીંકણીને તાણે છે.

: કારકુન :

વરત એકત્રીશમું

ખીસામાંથી નળી કાઢી,
છાતી પર ધરી રાખી,
કાન માંડી સાંભળે છે
કેવો રોગ થયો છે.
મિટરથી તાવ માપી
દવા વળી લખી આપી;
ખીસામાંથી નળી કાઢી
છાતી પર ધરી રાખી.

: ડૉકટર :

મિટર=થરમોમિટર

## વરત બત્રીશમું

દીપ સાથે થાળી માંહીં
અક્ષત ને પુષ્પ ભર્યાં,
કપાળે કુંકુમ તણા
ચાંદલાને કર્યો છે;
ચાલી જાણે રાજરાણી
દેવના મંદિર ભણી,
દીપ સાથે થાળી મહીં
અક્ષત ને પુષ્પ ભરી.

: દેવદર્શને :

અક્ષત = ચોખા
દીપ = દીવો

'વરત તેત્રીશમું

કપાળે કુંકુમ ચંદ્ર
વેણી ફૂલે ભરી છે.
મલકાતું મુખ લઈ,
હાથમાં પુસ્તક ધરી,
સખીઓની સાથે સાથે
શાળે રોજ જાય છે.
કપાળે કુંકુમ ચંદ્ર
વેણી ફૂલે ભરી છે.

: કન્યા :

ચંદ્ર = ચાંદલો વેણી = અંબોડો

વરત ચોત્રીશમું

પક્ષી ગણ ઊડી ઊડી
માળે માળે જતાં હતાં;
ઢોર અને ઢાંખર ને
ભરવાડ હાંકી આવ્યા;
પાણિયારી પાછી વળી
ઉતાવળી ઘર ભણી;
આકાશે અંધારું પડયું
મંદિરમાં ઘંટ વાગ્યા.

: સંધ્યાકાળ :

ગણ = ટોળું

વરત પાંત્રીશમું

ઘેરા ને ગંભીર નાદે
દિન રાત ગાજે છે.
છાતી પરે કોટિ કોટિ
જહાજોને ધારે છે;
ભરતી ને ઓટ ભલે
આવે જાય દિન દિન,
યોગી જેમ હતો તેવો
અનન્ત યુગોથી ઊભો.

: સાગર :

નાદ = અવાજ

વરત છત્રીશમું

દુંદાળો છે જેનું નામ
નામ લીધે શુભ કામ;
કાને સૂંઢે હાથી જેવો
ગોળા જેવી ફાંદ એવો,
મૂષકની  બેઠકેથી
લાડુ બેઠો ખાય છે.
દુંદાળો છે એનું નામ
નામ લીધે શુભ કામ.

: ગણપતિ :

મૂષક = ઉંદર

## વરત સાડત્રીશમું

હોઠે ધરી મોરલીને
ગાંડઘેલાં કરી મૂકયાં;
ગાય ને ગોવાળ બધાં
ગોપીઓ ને વાછરડાં
વાંસેવાંસે ચાલી મળ્યાં;
જોવા લોક ટોળે મળ્યાં;
હોઠે ધરી મોરલીને
ગાંડઘેલા કરી મૂકયાં.

: મુરલીધર :

વરત આડત્રીશમું

બેઠી હંસ પીઠ પરે
કર મહીં વીણા ધરી,
એક હાથે પુસ્તક ને
બીજે હાથે માળા છે.
અજ્ઞાનીને જ્ઞાન આપી
કુવિચાર વન કાપી,
બેઠી હંસ પીઠ પરે,
કર મહીં વીણા ધરી.

: સરસ્વતી :

કર = હાથ